# એમ. પી. શાહ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, સુરેન્દ્રનગર.
## G3Q સમિતિ વર્ષ: ૨૦૨૩-૨૪
## તા: ૨૮/૧૨/૨૦૨૩

## *G3Q 2.0 રજીસ્ટ્રેશન નોટીસ*

અત્રેની સંસ્થા ખાતે અભ્યાસ કરી રહેલ તમામ વિદ્યાર્થીઓને જણાવવામાં આવે છે કે ગુજરાત રાજ્ય સરકારશ્રી દ્વારા ગત વર્ષની માફક આ વર્ષે પણ *"ગુજરાત જ્ઞાન ગુરૂ ક્વિઝ (G3Q 2.0)"* નું આયોજન કરવામાં આવેલ છે.

આ ક્વિઝનો ઉદેશ રાજ્યના તમામ ભાગોમાં વસતા યુવા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરી તેઓ વચ્ચે એક તંદુરસ્ત હરીફાઈ થકી તેઓનું સશક્તિકરણ કરવાનો છે. આ ક્વિઝમાં કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ, લાભાર્થીઓ, અત્યાર સુધી યોજનામાં હાંસલ કરેલ સિદ્ધિઓ, લાભાર્થીઓની સંખ્યા અને રકમ વગેરે જેવી માહિતી પ્રાપ્ત થાય તે મુજબના પ્રશ્નોનો સમાવેશ થનાર છે. વિજેતા વિદ્યાર્થીઓને સરકારશ્રી દ્વારા નક્કી કરેલ ઇનામો પણ આપવામાં આવશે.

શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારશ્રી દ્વારા આયોજિત આ ક્વીઝનું ઉદ્ઘાટન ગત તારીખ: ૨૪/૧૨/૨૦૨૩ને રવિવારે થયેલ છે, તેની સાથે જ ક્વિઝનું પ્રથમ અઠવાડિયું શરુ થઈ ગયેલ છે. આ ક્વિઝ દર રવિવાર થી શુક્રવાર સુધી G3Qની વેબસાઈટ પર ઓનલાઈન રમી શકાશે. જેતે અઠવાડિયાનું પરિણામ દર શનિવારે G3Qની વેબસાઈટ પર મુકાશે. આ ક્વિઝ કુલ ૧૦ અઠવાડિયા સુધી ચાલશે.

**શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારશ્રી દ્વારા આયોજિત આ ક્વીઝમાં ભાગ લેવા માટે તમામ વિદ્યાર્થીઓએ નીચે જણાવેલ સૂચનો વાંચી અહી આપેલ G3Qની વેબસાઈટની લીંક પર ક્લિક કરી પોતાનું રજીસ્ટ્રેશન કરવાનું જણાવવામાં આવે છે.**

વધુ માહિતી માટે G3Qની વેબસાઈટ પર આપેલ FAQ પેજની મુલાકાત લઈ શકો છો અથવા તો શ્રી મહેશભાઈ પી. જાદવ (મદદનીશ પ્રાધ્યાપક, રસાયણશાસ્ત્ર) સાહેબશ્રીની રૂબરૂ મુલાકાત લઈ શકો છો.

## વિદ્યાર્થીએ રજીસ્ટ્રેશન અંગેનાં ખાસ સૂચનો:

1. વિદ્યાર્થીએ નીચે આપેલ G3Qની વેબસાઈટની લીંક પર ક્લિક કરી 'Register' માં ક્લિક કરવું અને ખૂલેલ ફોર્મમાં યોગ્ય માહિતીઓ ભરી સબમિટ કરવું.
2. વિદ્યાર્થીએ માત્ર એક જ વાર રજીસ્ટ્રેશન કરવાનું છે, એક કરતા વધારે વખત અલગ અલગ મોબાઈલ નંબર/ઈમેલ અડ્રેસ/આધાર નંબર/ચુંટણી કાર્ડ નંબર થી રજીસ્ટ્રેશન કરવું નહી, જો આમ થશે તો કોઈ પણ રજીસ્ટ્રેશન માન્ય ગણાશે નહી, અને તમામ રજીસ્ટ્રેશન રદ થઈ જશે.
3. રજીસ્ટ્રેશન ફોર્મ અંગ્રેજીમાં ભરવું.
4. વિદ્યાર્થીએ માર્કશીટ મુજબ પોતાનું નામ લખવું.
5. પોતાનો જ સંપર્ક નંબર લખવો (વોટ્સએપ નંબર હોય તો એ જ લખવો).
6. શૈક્ષણિક પ્રકારમાં કોલેજ વિકલ્પ પસંદ કરવો.
7. ધોરણમાં અન્ડર ગ્રેજ્યુએટ પસંદ કરવું.
8. કોલેજનો જીલ્લો સુરેન્દ્રનગર પસંદ કરવો.
9. કૉલેજનું નામ ૮૩૩- એમ. પી. શાહ આર્ટ્સ સાયન્સ પસંદ કરવું.
10. ક્વિઝનું માધ્યમ અંગ્રેજી અથવા ગુજરાતી આપની ફાવટ મુજબ પસંદ કરવું.
11. પોતાની ઈમેલ અડ્રેસ સાચો લખવો.
12. પોતાનો આધાર નંબર સાચો લખવો.
13. પોતાનાં અથવા પિતા/વાલીનાં ચુંટણી કાર્ડનો નંબર લખવો.
14. માંગ્યા મુજબ કાયમી રહેઠાણનું સરનામું લખવું.

ફોર્મ ભરવા સંબંધિત ઉપરોક્ત વિગતો ભૂલ વગરની, પોતાની અને સાચી હોવી જોઈએ અન્યથા રજીસ્ટ્રેશન રદ થઈ શકે છે અથવા તો જે તે વિદ્યાર્થી વિજેતા બન્યા બાદ ઈનામ પ્રાપ્ત થવા માટેની યોગ્યતા ગુમાવી શકે છે અથવા ઇનામ પ્રાપ્ત થવામાં વિલંબ થઈ શકે છે. માટે કાળજી પૂર્વક ફોર્મ ભરવું.

## G3Q ૨.0 માં રજીસ્ટ્રેશન અને ક્વિઝ રમવા માટે વેબસાઈટની લીંક: https://g3q.co.in/

પ્રિન્સીપાલ,
શ્રી એમ. પી. શાહ આર્ટ્સ
એન્ડ સાયન્સ કોલેજ,
સુરેન્દ્રનગર



Education Department
Government of Gujarat

# ગુજરાત જ્ઞાનગુરુ ક્વિઝ (G3Q 2.0)

જાણશે ગુજરાત જીતશે ગુજરાત 2.0

**₹. ૨૫ કરોડથી વધુના ઇનામો અને ફ્રી એજ્યુકેશનલ ટ્રીપ જીતવાની આ છે સુવર્ણ તક! અત્યાર સુધીની સૌથી મોટી ક્વિઝમાં ભાગ લેવા માટે આજે જ રજિસ્ટ્રેશન કરાવો અને રમવાનું શરૂ કરો.**

**શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા આયોજિત**

**ગુજરાત જ્ઞાન ગુરુ ક્વિઝ (G3Q 2.0)**

રાજ્યનો યુવા વિદ્યાર્થી વધુ તેજસ્વી, પ્રતિભાશાળી, જ્ઞાન સમૃદ્ધ બની ગુજરાતને સંપુર્ણપણે જાણી આત્મનિર્ભર ગુજરાતની પહેલ સાથે દ્રઢતાથી જોડાઈ શકે તે હેતુથી રાજ્ય સરકાર દ્વારા ધોરણ ૯ થી ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તેમજ ગુજરાત રાજ્યની ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણની તમામ સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કૉલેજો અને રાજ્યની સરકારી અને ખાનગી યુનિવર્સિટીના સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ તથા ૧૮ વર્ષ થી વધુ ઉંમરના અભ્યાસ ન કરતા હોય તેવા નાગરીકો માટે "ગુજરાત જ્ઞાન ગુરૂ ક્વિઝ (G3Q ૨.૦)"નું આયોજન કરવામાં આવેલ છે. જેમાં રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા રાષ્ટ્રના વિકાસ માટે સિદ્ધ કરવામાં આવેલ યોજનાઓની લોકભોગ્ય માહિતી ને લગતા પ્રશ્નો અને વર્તમાન સમયના સંપૂર્ણ  માહિતીનો સમાવેશ કરવામાં આવે છે

ગુજરાત જ્ઞાન ગુરુ ક્વિઝ(G3Q ૨.૦)માં સ્પર્ધકને ત્રણ કેટેગરીમાં વહેંચવામાં આવેલ છે.

1) ધોરણ ૯ થી ૧૨ શાળા કક્ષાના વિદ્યાર્થીઓની કેટેગરી
2) કોલેજો અને યુનિવર્સિટી કક્ષાના વિદ્યાર્થીઓની કેટેગરી
3) અન્ય પ્રજાજન કેટેગરી (૧૮ અને ૧૮ વર્ષથી ઉપરના તમામ નાગિરક)

- રજીસ્ટ્રેશન શરુ થયેથી ઉપરોક્ત ૦૩ કેટેગરીના સ્પર્ધક www.g3q.co.in ( G3Q ૨.૦ પોર્ટલ) પર પોતાના મોબાઈલ/ટેબ્લેટ/કોમ્પ્યુટરથી રજીસ્ટ્રેશન કરાવી શકશે અને ક્વિઝ રમી શકશે.
- તા:૨૪/૧૨/૨૦૨૩થી લઈને કુલ ૧૦ અઠવાડિયા માટે ક્વિઝ રમાડવામાં આવશે. ૧૦ અઠવાડિયા સુધી દર રવિવાર થી શુક્રવાર(૦૬ દિવસ) સુધી સવારના ૦૮:૦૦ વાગ્યાથી રાત્રીના ૧૨:૦૦ વાગ્યા સુધી ક્વિઝ રમી શકાશે. ગુજરાત જ્ઞાન ગુરુ ક્વિઝ(G3Q ૨.૦) અંતર્ગત અંદાજીત ૩૦ લાખ જેટલા વિદ્યાર્થીઓને ક્વિઝ રમાડવામાં આવશે.

સાપ્તાહિક ક્વિઝ (શાળા, કૉલેજ-યુનિવર્સિટી કક્ષાના તમામ વિદ્યાર્થીઓ અને તમામ પ્રજાજનો ):

દર રવિવારે G3Q 2.0ના પોર્ટલ પર ત્રણ કેટેગરીના ૫૦૦ + ૫૦૦ + ૫૦૦ આમ. કુલ ૧૫૦૦ વિજેતાઓ ઘોષિત કરવામાં આવશે.

| Details | No. of Winners per Week | Prize money per winner per Week (In Rs.) |
|---|---|---|
| School Winners | 500 | 2,000/- |
| College Winners | 500 | 3,000/- |
| Other Category Winners | 500 | |
| Total Winners 1500x10weeks = 15000 | | |

- અન્ય પ્રજાજન કેટેગરીના વિજેતાઓને સાયન્સ સીટીની એક દિવસની વિઝીટ માટેનું વાઉચર આપવામાં આવશે.

બમ્પર ક્વિઝ:

- ૧૦ અઠવાડિયાની ક્વિઝ દરમ્યાન દર ૦૨ રાઉન્ડ બાદ ૦૧ બમ્પર ક્વિઝ યોજવામાં આવશે.
- આમ કુલ ૦૫ બમ્પર ક્વિઝ યોજવામાં આવશે .
- બમ્પર ક્વિઝમાં શાળા કક્ષાની કેટેગરી તથા કૉલેજ-યુનિવર્સિટી કેટેગરીના કોઈપણ સ્પર્ધક ઓનલાઈન રમી શકશે.

| Details | No. of Winners per District per Bumper Quiz | Prize money per winner per Bumper Quiz ( In Rs.) |
|---|---|---|
| School Winners | 6 | **5,000/-** |
| College Winners | 6 | **7,000/-** |
| Total (per District) per Bumper Quiz | 12 | |
| Total 12 Winner per District x 33 x5 Bumper Quix = 1980 Total Winners | | |

- આ ઉપરાંત, બમ્પર ક્વિઝના તમામ વિજેતાઓને તેઓના નજીકના જિલ્લાના ઉદ્યોગો, જોવાલાયક ઐતિહાસિક સ્થળો જેવા કે, રિલાયન્સ, બોમ્બાર્ડ, મારુતિ સુઝુકી, વેલસ્પન, મુન્દ્રા પોર્ટ, હઝીરા પોર્ટ, દહેઝ, GNFC, GSFC, વડનગર, દ્વારકા, રાણકી વાવ, સોમનાથ, SOU, અમુલ ડેરી, બનાસ ડેરી, સાયન્સ સીટી, મહાત્મા મંદિર, વગેરે જેવા તથા અન્ય સ્થળોની એક દિવસીય ટુરનું આયોજન કરવામાં આવશે.

ફિનાલે ક્વિઝ (તમામ જીલ્લા કક્ષાએ):

- ૧૦ અઠવાડિયાના અંતે ગુજરાત જ્ઞાન ગુરુ ક્વિઝ (G3Q 2.0)નું ગ્રાન્ડ ફિનાલે તમામ જિલ્લામાં આયોજિત કરવામાં આવશે.
- શાળા કક્ષાના ૫,૦૦૦ વિજેતાઓ અને કૉલેજ - university કક્ષાના ૫,૦૦૦ વિજેતાઓ, આમ કુલ ૧૦,૦૦૦ વિજેતાઓ Online ભાગ લેશે.
- પ્રતિ જિલ્લા પ્રમાણે ૦૬ વિજેતાઓ(૦૩ શાળા કક્ષા + ૦૩ કૉલેજ-યુનિવર્સિટી કક્ષાના ઘોષિત કરવામાં આવશે.)

| Details | Prize amount for School Winners (in Rs.) | Prize amount for College Winners (In Rs.) |
|---|---|---|
| 1st Winner | 2,00,000/- | 3,00,000/- |
| 2nd Winner | 1,50,000/- | 2,00,000/- |
| 3rd Winner | 1,00,000/- | 1,50,000/- |
| Total Prize Per District | 4,50,000/- (Total 3 Winners) | 6,50,000/- (Total 3 Winners) |

ઈનામ વિતરણની પ્રક્રિયા:

- આ ઉપરાંત તમામ વિજેતાઓને ડીઝીટલ પ્રમાણપત્ર ક્વિઝ પૂરી થતા તુરંત આપવામાં આવશે.
- ગુજરાત જ્ઞાન ગુરુ ક્વિઝ (G3Q 2.0) ના તમામ વિજેતાઓ (શાળા કક્ષા અને કૉલેજ કક્ષા) ને ઈનામની રકમનું ચુકવણું DBT મારફત કરવામાં આવશે.

તો થઇ જાવ રમવા તૈયાર અને જ્ઞાન અને ગમ્મત નો સમન્વય એટલે

**ગુજરાત જ્ઞાન ગુરુ ક્વિઝ (G3Q 2.0)**

**તો આજે જ www.g3q.co.in પર રજિસ્ટ્રેશન કરવો**

**અથવા રજીસ્ટ્રેશન માટે અને રમવા માટે બાજુ નો કોડ સ્કેન કરવો**

**વધુ માહિતી માટે ૯૯૭૮૯૦૧૫૯૭ પર કોલ કરો**